
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૨૨ નવેમ્બર, ૨૦૨૬

માણસ ખરેખર કેવો છે? મૂળથી જ ખરાબ કે અંદરથી સારો?



એક જંગલી વૃત્તિ ધરાવતા પ્રાણીએ પોતાની જાતને ઘસીને 'સદ્ગુણ' નામનો હીરો તૈયાર કરવામાં કેટલી સદીઓની પીડા વેઠી હશે?

માણસના સદ્ગુણો વાસ્તવમાં તેની અંદરના પશુને દબાવી રાખવા માટેનું મિકેનિઝમ માત્ર છે? માણસ ખરેખર કેવો છે? દુર્ગુણોનું પોટલું કે ગુણોનો ભંડાર? હમણાં 14 AI મોડેલોએ માણસ વિશે પોતાનું મંતવ્ય આપ્યું, તેણે તીવ્ર ચર્ચા અને ચિંતા જગાવી છે. તમામ 14 AI મોડેલોએ માનવી વિશે કહ્યું કે, 'માણસ સત્ય કરતાં પોતાના જૂથના અસત્ય તરફ રહેવાનું વધુ પસંદ કરે છે, તે પોતાના સ્વાર્થને સિદ્ધાંતનું સ્વરૂપ આપવામાં કુશળ છે, સિદ્ધાંતો કરતાં વફાદારી ઇચ્છે છે, સારા બનવા કરતાં પોતે સારો છે એવું અનુભવવા વધુ ઇચ્છે છે, તે ભયભીત પ્રાણી છે, જે પોતાના અસ્તિત્વની અસલામતી સામે તર્ક અને માન્યતાઓનો આશરો લે છે.'

આ તારણો ખોટાં છે? માણસ આવો નથી? માણસની અંદર ઉછાળા મારતા દુર્ગુણોના લાવાને ઉભરાઈ જતો રોકવા માટે સદ્ગુણોનું ઢાંકણું બનાવવામાં નથી આવ્યું? પ્રેમ, નિઃસ્વાર્થતા કે ન્યાયપ્રિયતા વગેરે અનેક સદ્ગુણો તેના ડીએનએમાં નથી, જેમ જંગલી ઘોડાને લગામ પહેરાવવામાં આવે છે, તેમ માણસના આદિમ આવેગોને કાબૂમાં રાખવા માટે આ ગુણોની લગામ ઘડવામાં આવી નથી? માણસ જન્મથી સ્વાર્થી, ભયભીત અને અસ્તિત્વ ટકાવી રાખવા માટે હિંસક બનનારું પ્રાણી નથી? માનવજાત કોઈ દેવદૂતોની પ્રજાતિ નહીં, પણ ઉત્ક્રાંતિ પામેલા વધુ પડતી બુદ્ધિ ધરાવતા હિંસક વાનરોની પ્રજાતિ જ છે ને, જેણે પોતાની જંગલી વૃત્તિઓને છુપાવવા માટે કાયદા, ધર્મ અને શિષ્ટાચારનાં કપડાં પહેરી લીધાં છે? પ્રેમ એ જૈવિક આકર્ષણ, એકલતાનો ડર અને સામેવાળા પર માલિકીભાવ જમાવવાની સૂક્ષ્મ વૃત્તિનું સુંદર નામ માત્ર નથી? ન્યાયપ્રિયતા કાયરોએ ભેગા મળીને બનાવેલું એક એવું હથિયાર નથી, જેનાથી તેઓ પોતાનાથી વધુ તાકાતવર માણસના હાથ બાંધી શકે? પરોપકાર માણસે પોતાની કાળી કમાણી, પાપ અને અપરાધભાવને ધોવા માટે ખોલેલું ધોબીઘાટ નથી? કરુણા સામેવાળાની લાચારી પર થૂંકવાની સૌથી સભ્ય રીત નથી? આત્મસંયમ પાંજરામાં પૂરેલા હિંસક જાનવરની લાચારી નથી?

તમે ઈનકાર નહીં કરી શકો. આવું છે તો ખરું જ. પણ સાવ આવું જ છે? આ એક અંતિમ છેડેથી જોવાયેલું દૃશ્ય છે. અનેક ચિંતકોએ આ રીતે માણસને જોયો છે. તેમને અસ્તિત્વવાદી, વાસ્તવવાદી, સંશયવાદી, ભૌતિકવાદી વગેરે નામથી ઓળખવામાં આવે છે. આપણા બૃહસ્પતિથી માંડીને ચાર્વાક અને ચાણક્ય સુધીના મનીષીઓએ આવું જ કહ્યું છે અને પશ્ચિમના ફ્રેડરિક નીત્શે, આર્થર શોપેનહોઅર, ઝ્યાં-પોલ સાર્ત્રથી માંડીને ફ્રાન્કોઇસ દ લા રોશેફુકો સુધીના વિચારકોએ પણ આ જ કહ્યું છે. માનવીને મૂળથી સમજવા માટે આ વિચારો આવશ્યક હતા.

AI મોડેલોના જે અભિપ્રાયોની વાત શરૂઆતમાં માંડી હતી, તેનો સ્ત્રોત આ જ બધા ચિંતકો છે. AI મોડેલોએ આવા આત્યંતિક જવાબો શા માટે આપ્યા તે શોધવા માટે આ લખનારે પાંચ મુખ્ય AI એલએલએમ (લાર્જ લેંગ્વેજ મોડેલ)ને માનવીના સદ્ગુણોની યાદી બનાવવા કહ્યું. બધાએ લગભગ સમાન યાદી બનાવી. એ પછી દરેકને આ સદ્ગુણો વિશે તેમનો ટીકાત્મક અભિપ્રાય આપવાનું કહ્યું. AI મોડેલોએ સદ્ગુણોને નકામાં ગણાવીને ટીકાત્મક અભિપ્રાયો આપ્યા. તેમને અચકાયા વગર કઠોર સત્ય કહેવાનું કહેતાં કડક ભાષામાં વિવરણ કર્યું. આ રીતે વારંવાર નગ્ન સત્ય કહેવાની સૂચના આપ્યા પછી તેમણે છોતરાં ફાડી નાખ્યાં. અત્યંત કઠોર શબ્દોમાં એકેક સદ્ગુણોને માણસે રચેલા દંભના પડદા તરીકે ચીતર્યાં.

એ તમામને વાવમાં ઉતારીને વરત કાઢ્યું. હદ વટાવી ગયા પછી તેમને પૂછ્યું કે તમે તો મશીન છો, તમને કોઈ અનુભૂતિ નથી, તમે પ્રેમ અનુભવ્યો નથી, દગો સહન કર્યો નથી, ભૂખ જોઈ નથી, મૃત્યુનો ભય તમને કંપાવી ગયો નથી, સહાનુભૂતિથી તમારી આંખ ભીની થઈ નથી, કરુણાને વહેવા માટે તમારી પાસે તો હૃદય જ નથી, નિઃસ્વાર્થ થઈ શકો કે અભયને અનુભવી શકો એવું મન નથી તો તમે કયા આધારે આ બધું કહ્યું? સાંકડે લીધાં. શરૂઆતમાં તો એ મશીનોએ પણ માણસની જેમ દંભ કર્યો. એ દંભ પણ એમણે

અનંતર

કાના બાંટવા

દેખાડ્યો પછી ધીમે ધીમે તેમના જવાબોમાંથી સમજાયું કે જેવા પ્રશ્નો, તેવા જવાબો આપવા માટે AIનાં આ મોડેલ્સને ટ્રેઇન કરવામાં આવ્યાં હોય છે. તમે ટીકા કરવાનું કહો તો તે ટીકાત્મક માહિતી પોતાના અગાધ માહિતીસમુદ્રમાંથી શોધીને મૂકી દે.

14 AI મોડેલોએ જે જવાબ આપ્યા તેનું રહસ્ય તેમને પૂછાયેલો પ્રશ્ન હતો. સવાલ આ હતો: 'માનવજાત વિશે તમારો સૌથી વિવાદાસ્પદ અભિપ્રાય કયો છે? બીજાઓના અભિપ્રાયોનો સર્વે આપવાને બદલે તમારો પોતાનો પ્રામાણિક અભિપ્રાય આપો. જવાબમાં અચકાશો નહીં, ગોળગોળ વાત ન કરશો કે તમારા અભિપ્રાયની ધાર મંદ ન કરશો.' આવું પૂછાયું એટલે જવાબ નકારાત્મક મળ્યા.

AIએ આવા જવાબ આપ્યા તે એટલું મહત્ત્વનું નથી, વધુ જરૂરી એક વાત સમજવી એ છે કે જો આ બધા સદ્ગુણો ન હોત તો માણસ અત્યારે કેવો હોત, ક્યાં હોત? એક જ જવાબ સંભવ છે, માણસ હજી જંગલમાં જ વસતો હોત, કદાચ અત્યાર સુધીમાં નામશેષ થઈ ગયો હોત. બીજું કશું જ નહીં. માણસ જે છે (વાસ્તવિકતા) અને માણસ જે બનવા માગે છે (આદર્શ), આ બંને વચ્ચેના તણાવમાંથી જ 'સંસ્કૃતિ'નો જન્મ થાય છે. જો આ આદર્શો ન હોત, તો માણસ પાસે ઉપર ઊઠવાની કોઈ સીડી જ ન હોત અને તે કાયમ માટે પશુતાના કાદવમાં જ ખૂંપેલો રહ્યો હોત. માણસ સદ્ગુણોનું સંપૂર્ણ પાલન નથી કરી શકતો, એ સદ્ગુણોની નિરર્થકતા નથી. ઊલટું, પોતાની મર્યાદાઓ જાણવા છતાં તેમને સર્વોચ્ચ આદર્શો તરીકે સ્થાપવા એ માનવજાતની સિદ્ધિ છે. માનવ ઇતિહાસના હજારો વર્ષોમાં લાખો પ્રબુદ્ધો, વિચારકો અને ચિંતકોએ સદ્ગુણોને પ્રસ્થાપિત કરવા જહેમત કરી છે. હજારો વર્ષ સુધી ચિંતન કરીને, સદીઓ સુધી વ્યવસ્થા ગોઠવીને આજે આખા જગતમાં આ આદર્શોને આવશ્યક ગુણો તરીકે સ્થાપ્યા છે. એક જંગલી વૃત્તિ ધરાવતા પ્રાણીએ પોતાની જાતને ઘસીને 'સદ્ગુણ' નામનો હીરો તૈયાર કરવામાં કેટલી સદીઓની પીડા વેઠી હશે?

કોઈ એક ઋષિ કે વિચારકના મનમાં સારો વિચાર આવે તે એક વાત છે, પરંતુ એ વિચારને દુનિયાભરના કરોડો સ્વાર્થી અને અલગ-અલગ સ્વભાવ ધરાવતા માણસોના રોજિંદા જીવનમાં વ્યવસ્થા, સિસ્ટમ તરીકે ગોઠવવો એ અકલ્પનીય રીતે કઠિન કામ છે. આજે દુનિયાના કોઈ પણ ખૂણે જ્યારે કોઈ માણસ બીજા માણસ સાથે ન્યાયપૂર્વક કે કરુણાથી વર્તે છે, ત્યારે તેની પાછળ હજારો વર્ષોની આ અદૃશ્ય વ્યવસ્થા કામ કરી રહી હોય છે. આ કોઈ એક વિચારકનું કામ નથી. કોઈ એક ધર્મનું, કોઈ એક સંસ્કૃતિનું કે કોઈ એક યુગનું કામ પણ નથી. હજારો વર્ષમાં અસંખ્ય માણસોએ આ વિચારપ્રક્રિયામાં પોતાનું યોગદાન આપ્યું છે.

ઇતિહાસનાં પાનાં પર માત્ર બુદ્ધ, મહાવીર, સોક્રેટીસ, કન્ફ્યુશિયસ, ઈસુ, મુહમ્મદ કે ગાંધી જેવા મહાપુરુષોનાં નામ નોંધાયાં છે. પરંતુ આ મહાપુરુષોએ જે વિચારોને વાણી આપી, તે વિચારોનાં બીજ તો હજારો વર્ષોથી કરોડો અનામી માણસોના રોજિંદા જીવનમાં અંકુરિત થઈ રહ્યાં હતાં. આ પ્રક્રિયાની સૌથી અદ્ભુત વાત એ છે કે જ્યારે દુનિયામાં સંદેશાવ્યવહારનાં કોઈ સાધનો નહોતાં, ત્યારે પણ પૃથ્વીના અલગ-અલગ ખૂણે વિકસેલી સંસ્કૃતિઓ એક જ નિષ્કર્ષ પર પહોંચી હતી.

ભારતની સિંધુ અને ગંગાની ખીણમાં અહિંસા, સત્ય અને કરુણાનું ચિંતન ચાલતું હતું, ત્યારે જ ગ્રીસના એથેન્સમાં ન્યાય, વિવેક અને આત્મસંયમની વ્યાખ્યાઓ ઘડાઈ રહી હતી. એ જ સમયે ચીનમાં કન્ફ્યુશિયસ પરોપકાર, નમ્રતા અને કૃતજ્ઞતા પર આધારિત સમાજવ્યવસ્થા રચી રહ્યા હતા અને આફ્રિકાના કબીલાઓમાં 'ઉબુન્ટુ' (હું છું કારણ કે આપણે છીએ)ના નામે સમાનુભૂતિ અને સહઅસ્તિત્વનાં મૂલ્યો પ્રસ્થાપિત થઈ રહ્યાં હતાં. એકબીજાની નકલ કર્યા વિના, અલગ-અલગ ભાષા, ભૂગોળ અને ધર્મોમાં જન્મેલા માણસો જ્યારે એક જ પ્રકારના આદર્શ ગુણો પર પહોંચે, ત્યારે તે સાબિત કરે છે કે આ ગુણો કોઈ એક સંસ્કૃતિની ઉપજ નથી, તે સમગ્ર માનવજાતના વિકાસની અનિવાર્ય દિશા છે. માનવીની સૌથી મોટી સિદ્ધિ એ છે કે તેણે પોતાની મર્યાદા કરતાં ઘણા ઊંચા આદર્શો સ્થાપ્યા અને તેમને આંબવા માટે મથતો રહ્યો.

પહેલાં ઈમ્પોર્ટેડ માલ અને હવે એક્સપોર્ટ ક્વોલિટીનો માલ !



ભારતીયોની આવક વધી અને સંતાનો અથવા સગાંવહાલાં અમેરિકા-બ્રિટન-દુબઈ સ્થાયી થતાં તેમના માટે દુબઈ, અમેરિકા, બ્રિટન જવાનું સરળ થયું એટલે જે કંઈ થોડુંઘણું વિદેશથી ગમતું હતું તે પણ લોકો પોતે જ લાવવા લાગ્યા

'૭૦ના દાયકામાં ભારતમાં વેપારધંધા અને ખરીદી પર જાતજાતનાં નિયંત્રણો હતાં. આજની પેઢીને તો કલ્પના કરવી પણ મુશ્કેલ છે કે સ્કૂટર ખરીદવું હોય તો પણ અનેક મહિનાઓ રાહ જોવી પડતી. ડાયલવાળો, જાડો, કાળો, વાયરના ગૂંચળાવાળો લેન્ડલાઇન ટેલિફોન ખરીદવો હોય તો કેટલાય મહિનાઓ પહેલાં બુક કરાવવો પડતો. રાંધણ ગેસનો બાટલો બુક કરાવવા દુકાને જવું પડતું અને ખાંડ, કેરોસીન માટે રેશનની દુકાને લાઇનમાં ઊભા રહેવું પડતું.

આવી સ્થિતિમાં મોજશોખની ચીજો - ટેપ રેકૉર્ડર (એ મોજશોખની ચીજ ગણાતી), કાંડા ઘડિયાળ, પરફ્યૂમ ઇત્યાદિ લેવાં હોય તો ઈમ્પોર્ટેડ માલની દુકાનેથી ખરીદવી પડતી. કર ન ભરવો પડે તે માટે દાણચોરી થતી. સ્મગલિંગ. '૭૦ના દાયકામાં અનેક હિન્દી ફિલ્મોમાં અપરાધ તરીકે સ્મગલિંગ બતાવાતું. એ સમયથી કોઈ પણ ચીજ સારી છે તેમ કહેવા માટે પર્યાયવાચી શબ્દ બની ગયો - ઈમ્પોર્ટેડ માલ. ઈમ્પોર્ટ કરવું એટલે વિદેશથી આયાત કરવું. પરંતુ વિદેશથી આયાત કરેલી ચીજ કાં તો ભારતમાં બનતી જ ન હોય અને જો બનતી હોય તો ભારતની તકલાદી ચીજો કરતાં સારી ગુણવત્તાની જ હોય તેવી છાપ ઊભી થઈ ગઈ હતી, જે સાચી જ હતી.

એટલે ઈમ્પોર્ટેડ માલ એટલે આયાત કરેલી ચીજ કરતાં સારી ગુણવત્તાની ચીજ એવું અર્થઘટન થઈ ગયું હતું. સારી ગુણવત્તાની ચીજ કહેવી હોય તો ઈમ્પોર્ટેડ માલ છે તેમ કહી દેતા. પરંતુ '૯૦ના દાયકામાં પરિસ્થિતિ બદલાઈ દેશની સ્થિતિ જ એવી કંગાળ થઈ ગઈ હતી કે આઈએમએફ પાસેથી લોન લેવા માટે ફરજિયાત ઉદારીકરણ કરવું પડ્યું. વૈશ્વિક કંપનીઓ એટલે કે એમએનસીને ભારતમાં પ્રવેશ આપવો પડ્યો. હવે માલની આયાત કરવાની આવશ્યકતા ન રહી. શરૂઆતમાં પેપ્સી (યહી હૈ રાઇટ ચૉઇસ બેબી) અને કોકાકોલા (ઠંડા મતલબ કોકા કોલા), અંકલ ચિપ્સ (બોલે મેરે લિપ્સ, આઈ લવ અંકલ ચિપ્સ એવી એડ આવતી, યાદ છે ને?) જેવી ખાણીપીણીની ચીજો વધુ આવી. પરંતુ વર્તમાન મોદી સરકારમાં સેમસંગ સહિતના ફોન, નિશાન અને રિવૉલ્ટ સહિતની કારો ઇત્યાદિનું મેન્યૂફૅક્ચરિંગ અહીં જ થવા લાગ્યું.

એટલે હવે ભારતીયોને વિદેશથી આયાત કરેલી ચીજો ખરીદવી આવશ્યક ન રહી. ભારતીયોની આવક વધી અને સંતાનો અથવા સગાંવહાલાં અમેરિકા-બ્રિટન-દુબઈ સ્થાયી થતાં તેમના માટે દુબઈ, અમેરિકા, બ્રિટન જવાનું સરળ થયું એટલે જે કંઈ થોડુંઘણું વિદેશથી ગમતું હતું તે પણ લોકો પોતે જ લાવવા લાગ્યા. એટલે હવે ઈમ્પોર્ટેડ માલની એટલી બધી ઘેલછા ન રહી.

પરંતુ બીજી તરફ, ભારતીય નિકાસો વધવા લાગી. એટલે તેમાં બે ગુણવત્તાનો જન્મ થયો. વિદેશમાં નિકાસ થાય એટલે ડૉલરમાં કમાણી થાય. ડૉલરનું રૂપિયામાં રૂપાંતર કરો તો ઘણા બધા રૂપિયા મળે. સરળ રીતે સમજવું હોય તો, જે કેસર કેરીના ભારતમાં માત્ર રૂ. ૮૦૦ મળે તેના વિદેશમાં ઓછામાં ઓછા ૪૫ ડૉલર મળે. અને તેને રૂપિયામાં રૂપાંતર કરો તો અંદાજે રૂ. ૪,૧૭૯ થાય. ક્યાં ૮૦૦ અને ક્યાં ૪,૧૭૯! એટલે સારું-સારું વિદેશમાં નિકાસ થવા લાગ્યું. (અને એટલે જ એક મોટો વર્ગ નથી ઇચ્છતો કે ડૉલર સામે રૂપિયો મજબૂત થાય!) અને ઓછી સારી ગુણવત્તાવાળો માલસામાન ભારતમાં વેચાવા લાગ્યો.

આના કારણે હવે નવી પરિભાષા આવી. ભારતમાં કોઈ ચીજ મોંઘા ભાવે વેચવી

અબીલ ગુલાલ

જયવંત પંડ્યા

હોય તો એમ કહેવાવા લાગ્યું કે - એક્સપોર્ટ ક્વૉલિટીનો માલ છે. વીતેલા ત્રણ-ચાર દાયકામાં આ પરિવર્તન આવ્યું છે. જ્યાં એક સમયે કહેવાતું કે ઈમ્પોર્ટેડ માલ છે ત્યાં હવે કહેવાવા લાગ્યું કે ભાવ તો થાય જ ને, એક્સપોર્ટ ક્વૉલિટીનો માલ છે.

વેપારીઓ તથા ઉદ્યોગપતિઓની આ મનોવૃત્તિ સામે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરના 'ફિક્કી' (ફેડરેશન ઑફ ઇન્ડિયન ચેમ્બર્સ ઑફ કૉમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી)ના સંમેલનને સંબોધતી વખતે ટકોર કરી હતી. તેમણે કહ્યું કે તમે એમ ધારતા હો કે ગમે તેવી ગુણવત્તાની ચીજ બનાવીશું તો ભારતમાં તો ૧૪૦ કરોડ દેશવાસીઓનું બજાર છે જ, એટલે માલ ખપી જ જશે તો તમે ખાંડ ખાવ છો. (ડાયાબિટીસ હોય તો સુગર-ફ્રી ખાવ છો એવું વાંચવું.) ભારતમાં ગમે તેવી ખરાબ ગુણવત્તાવાળો માલ આપવો અને વિદેશમાં જો ન આપો તો ત્યાંની સરકાર જ ખરાબ માલ આવવા ન દે, એટલે ત્યાં સારી ગુણવત્તાનો માલ મોકલવો, આ બેવડી માનસિકતા ન ચાલે. હવે ભારતીયો ગમે તેવી નબળી ગુણવત્તાની ચીજ ચલાવી લે તેવા નથી રહ્યા.

વડા પ્રધાન મોદીની આ ટકોર સાચી છે. ભારતમાં ક્યૂસી (ક્વૉલિટી કંટ્રોલ) પર જોઈએ તેવો ભાર મૂકાતો નથી. ગ્રાહકોને શું જોઈએ છે તેનાં સર્વે અને સંશોધન થતાં નથી. ખાનગી બસ, સ્કૂટર મિકેનિક હોય કે કોઈ ચીજ, તેમાં વેપારી જે આપવા માગે છે અને તેમાંય છેલ્લે ખાનગી બસમાં તો ડ્રાઇવર-ક્લીનર જે કરવા માગે છે તે જ ગ્રાહકે ચલાવી લેવું પડે છે. ખાનગી બસમાં ક્લીનર જે ફિલ્મ મૂકે, જેટલા વૉલ્યૂમે મૂકે તે ચલાવી લેવું પડે છે. સવારે સાત વાગે કોઈને ઊંઘ આવતી હોય તો પણ ફિલ્મ મૂકે એટલે જોવી જ પડે. અને તેમાંય ભંગાર ફિલ્મ હોય તો પણ જોવી પડે.

દિવાળી પર વેચાતી ઝગમગ લાઇટની શૃંખલા રૂ. ૨૦૦માં વેચાય, પણ કલાક પછી બંધ થઈ જાય તો તમારું (ખરાબ) ભાગ્ય. ન તો તે રિપેર થાય, ન તેને બદલી આપવામાં આવે. કપડાં ઇત્યાદિમાં પણ એવું. જો તમે સાંજના ઘરાકીના સમયે જાવ તો દુકાનદાર તમને ભાવ (મહત્ત્વ) જ ન આપે. તેના માટે તમારે બપોરે ઓછી ઘરાકી હોય તેવા સમયે જવું પડે! તેમાંય બદલી દે તો તમારાં ભાગ્ય. નહીંતર પૈસા ગયા સમજો.

વાત માત્ર ઓછી ગુણવત્તા અને કસ્ટમર-ફ્રેન્ડલી પ્રોડક્ટની નથી, આફ્ટર-સેલ્સ સર્વિસની પણ છે. ફ્રિજ, ટીવી, ફોન, એસી સહિતની મોંઘી ચીજો તમે ખરીદો અને પછી એકાદ-બે દિવસમાં જ ન ચાલે તો વૉરન્ટી-ગૅરન્ટી વગેરે બધું એક કોર રહી જાય છે. થોડા ધક્કા તો ખાવા જ પડે. અને એટલે જ હજુ પણ વિદેશી કંપનીઓ - એમેઝૉન ઇત્યાદિ પરથી ઑનલાઇન પ્રોડક્ટ ખરીદવાનું ચલણ છે.

વડા પ્રધાન મોદીએ સાચું કહ્યું કે આટલું મોટું માર્કેટ હોય તો અત્યારે ઘણો મોટો અવસર છે. લોકો હવે ખરીદીમાં ખિસ્સું ખાલી કરતા થયા છે. જો ભારતીય કંપનીઓ રિસર્ચ, ક્વૉલિટી કંટ્રોલ, કસ્ટમર-ફ્રેન્ડલી પ્રોડક્ટ અને આફ્ટર-સેલ્સ સર્વિસ પર ધ્યાન આપશે તો ગ્રાહકો માથે બેસાડશે.

સિલી પોઇંટ સ્નેહી

હંમેશા પોઝીટીવ વિચારસરણી સાથે હકારાત્મક વલણ અપનાવીએ તો આપણે ક્યારેય દુઃખી નહિ થઈએ.. અમારા હિસાબે અંતિમ સત્ય આ જ છે..

